**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૧૬ મે ૨૦૧૧**

## ચર્ચગેટ - દહાણૂ સીધી રેલ્વે શરૂ ન થાય તો પ્રવાસીઓની આંદોલન ની ચેતવણી

**નાલાસોપારા, સોમવાર :** દહાણૂ - ચર્ચગેટ ગાડી તાત્કાલીક શરૂ ન થાય તો નવા આવનારા રેલ્વે પ્રધાનને ઉગ્ર આંદોલન નો સામનો કરવો પડશે, તેવી ચેતાવણી ગઈકાલે નાલાસોપારામાં ભરાયેલ દહાણૂ - વિરાર - બોરીવલી રેલ્વે પ્રવાસી પરિષદમાં સામેલ થયેલા સેંકડો પ્રવાસીઓએ આપેલ છે. માજી રેલ્વે રાજય પ્રધાન શ્રી રામ નાઈક ની અધ્યક્ષતા તળે થયેલ આ પરિષદનું ઉદ્દ્ઘાટન ધારાસભ્ય ઍડ. ચિંતામણ વનગાએ કર્યું હતું. આ પ્રસંગે પ્રમુખ મહેમાન તરિકે ધારાસભ્ય શ્રી સંજય કેળકર, ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રીમતી મનિષા ચૌધરી, શ્રી રોહીદાસ પાટીલ વગેરે માન્યવરો ઉપસ્થિત હતા.

ધારાસભ્ય ઍડ.ચિંતામણ વનગાએ ઉદ્દ્ઘાટન ભાષણ માં રેલ્વે ના રેઢિયાળ કારભાર પર ઝાટકણીભરી ટીકા કરી હતી. શ્રી ચિંતામણ વનગા એ કહ્યું હતું, "શ્રી અટલ બિહારી વાજપેયી ની સરકારમાં તત્કાલીન રેલ્વે રાજય પ્રધાન રામ નાઈકે મનમાં ધાર્યું માટે દહાણૂ સૂધીની લોકલ બજેટમાં આવી હતી. પરંતુ હવે તે કાર્ય પૂર્ણ કરવાની જવાબદારી જેમની છે તેમણે જ લાસરિયાપણું ચલાવ્યું હોય તો રસ્તા પર આવવું જ પડશે."

માજી રેલ્વે રાજય પ્રધાન શ્રી રામ નાઈકે સર્વપ્રથમ સ્વયંભૂ એકઠા થયેલા સેંકડો મુસાફરો ની માગણીઓનો ઠરાવ પરિષદ સમક્ષ રજૂ કર્યો હતો. તેવેળાં બોલતાં શ્રી રામ નાઇકે કહ્યું હતું કે, "અટલજી વડાપ્રધાન હતા ત્યારે સ્થાપન થયેલ મુંબઈ રેલ્વે વિકાસ પ્રાધિકરણ મારફત મંજૂર થયેલ રૂ. ૩,૧૨૫ કરોડ ના પ્રકલ્પ જે ૨૦૦૭ ની સાલ માં જ પૂર્ણ થવા જોઈતા હતા તે આજ પર્યંત પૂર્ણ ન થવા બદલ કેંદ્ર સરકાર ની સાથે પોતાની જવાબદારી ન પાળનારી રાજય સરકાર પણ જવાબદાર છે. મુંબઈ રેલ્વે પ્રાધિકરણના આ પ્રકલ્પ માટેના લાસરિયાપણાને કારણે વધારો ૧,૦૪૯ કરોડ લાગશે. પરંતુ છતાંયે પ્રકલ્પ અપૂર્ણ જ છે તે સંતાપજનક છે." લોકસભામાં રેલ્વે બજેટ પર ચર્ચા થતીવેળાં પશ્ચિમ રેલ્વે પરનું પ્રતિનિધિત્વ કરનારા સાંસદ શ્રી બળીરામ જાધવ અને સાંસદ શ્રી સંજય નિરૂપમએ મુંબઈગરા રેલ્વે પ્રવાસીઓની સમસ્યા બાબતે મોં ન ખોલ્યા બદલ શ્રી રામ નાઈકે આકરિ ઝાટકણી કાઢી હતી.

ચર્ચગેટ - દહાણૂ સીધી લોકલ ગાડી શરૂ કરવામાં હવે કોઈ જાતની અડચણ નથી. કામ પૂર્ણ થયેલ છે. ગાડીઓ પણ આવી ગઈ છે છતાંયે પશ્ચિમ રેલ્વે પ્રશાસને ગાડી શરૂ કરી નથી, આવી માહીતી આપતાં જ ઉપસ્થિત મુસાફરોએ જોરદાર નિષેધ કર્યો હતો. ચર્ચગેટ - દહાણૂ સીધી લોકલ ગાડી તાત્કાલીક શરૂ થાય તેવી પ્રમુખ માગણી પરિષદના ઠરાવ માં રજૂ કરવામાં આવી. એ સિવાય વિરાર કારશેડ અને યાર્ડ ૩૦ જૂન સુધી બાંધી પૂર્ણ કરવામાં આવે , રેલ્વે પ્રશાસને ૧૪ એપ્રિલ ૨૦૧૧ થી ચર્ચગેટ - વાંદ્રા, ચર્ચગેટ - અંધેરી, ચર્ચગેટ - બોરીવલી ૧૦૬ નવી ફેરી શરૂ કરી તેનું સ્વગત હોય છતાંય વિરાર ક્ષેત્ર માટે પણ ગાડિઓ વધારવામાં આવે, તેમજ મહિલાઓ માટે વિરાર થી સવારે અને ચર્ચગેટ થી સાંજે હજૂ એક - એક ગાડી વધારવી, નવ ડબ્ભાની ટ્રેનો બાર ડબ્બામાં રૂપાંતરીત કરવી, દહાણૂ થી પનવેલ, દહાણૂ થી થાણા લોકલ ગાડીઓ શરૂ કરવી, વિરારના ફલાયઓવર નું કામ તાત્કાલિક પૂર્ણ કરવું અને નાયગાંવ, સફાળે, વાણગાંવ માટે ફલાઓવર મંજૂર કરવા, દરેક સ્ટેશન પર પૂરતી ટિકીટબારીઓ , કૂપન મશીન, પગપાળા જઈ શકાય તે પૂલો, પીવાનું સ્વચ્છ પાણી, સ્વચ્છતાગૃહો, છાપરા વગરના પ્લેટફોર્મ ને છાપરાં કરવા, પ્લેટફોર્મની ઉંચાઈ વધારવી, પૂરતા બાંકડા અને પંખા ઉપલબ્ધ કરાવવા, રેલ્વે સ્થાનકોમાં તેમજ ડબ્બામાં વિચરનારા ભિકારી, ફેરીવાળા, તૃતીયપંથી અને પાકિડમારો ને રોકવા, પશ્ચિમ રેલ્વે મહાવ્યવસ્થાપક અને મુંબઇ રેલ્વે વિકાસ પ્રાધિકરણના વ્યવસ્થાપકીય સંચાલકોની ખાલી જગ્યા તાત્કાલીક ભરવી વગેરે માગણીઓ પણ ઠરાવમાં રજૂ કરી હતી.

ત્યારબાદ ઠરાવને અનુમોદન આપતા કોકણ પદવીધર મતદારોના ધારાસભ્ય શ્રી સંજય કેળકરે કહ્યું કે, સૂતેલી સરકાર ની નાના આંદોલનોથી ઉંઘ ઉડતી નથી તેમાટે મહાઆંદોલન જ ઉભુ કરવાની તૈયારી પરિષદે કરવી પડશે. ભાજપ મહારાષ્ટ્ર પ્રદેશના ઉપાધ્યક્ષા શ્રીમતી મનીષા ચૌધરીએ પ્રવાસી મહિલા અને વિદ્યાર્થીઓના પ્રશ્નો પરિષદ સમક્ષ રજૂ કર્યા હતા. શ્રીમતી ચૌધરીએ કહ્યું હતું કે, "રાજસ્થાન ના પ્રવાસીઓની માફક હવે રસ્તા પર ઉતરી મોટું આંદોલન કર્યા વગર આ સરકાર જાગવાની નથી ."

પરિષદના સંયોજક સર્વશ્રી ભાવિક સોરઠી, મધૂકર પાટીલ, મીઠાલાલ જૈન, રઘુનાથ પાટીલ, અમોલ પિંપળે, રાજન નાઈક, શેખર ધુરી, કેદારનાથ મ્હાત્રે, બાબાજી કાઠોળે આ સર્વની સાથે અધ્યક્ષ શ્રી રામ નાઈક, ધારાસભ્ય સર્વશ્રી ચિંતામણ વનગા, વિષ્ણુ સાવરા, સંજય કેળકર અને શ્રીમતી મનીષા ચૌધરી ની કૃતી સમિતી આગળની કાર્યવાહી માટે તૈયાર કરવાનો ઠરાવ સંમત કરતો નિર્ણય પરિષદમાં

ઉપસ્થિત પ્રવાસીઓએ લીધો. આ કૃતી સમીતીએ વિદ્યમાન રેલ્વે પ્રધાન કુ. મમતા બૅનર્જી ની જગાએ જે નવા રેલ્વે પ્રધાન આવે તેની સમક્ષ તેમજ રેલ્વે બૉર્ડના અધ્યક્ષની સમક્ષ પરિષદનો ઠરાવ પહોંચાડી તેની પૂર્ણતા માટે પ્રયત્ન કરવો, તેવું પરિષદમાં ઠરાવવામાં આવ્યું. આ પ્રસંગે લગભગ બસ્સોથી વધુ પ્રવાસીઓએ પોતાના લેખિત સૂચનો શ્રી રામ નાઈકને સાદર કર્યા હતા, અને નગરસેવક શ્રી રાજન નાઈક ની સાથે અનેક પ્રવાસીઓએ ઉત્સ્ફૂર્તપણે મંચ પર આવી પોતાની સમસ્યાઓ રજૂ કરી.

શ્રી કેદારનાથ મ્હાત્રે એ સૂત્રસંચાલન કર્યું અને શ્રી મધૂકર પાટીલે આભાર વ્યકત કર્યો હતો.

**( કાર્યાલય સચિવ )**